# લોન અધિકારી

લોન અધિકારી વ્યક્તિઓ તેમજ વ્યવસાયોને લોન અને/અથવા ક્રેડિટ સેવાઓ પુરી પાડે છે. તેઓ લોન અને વિવિધ પ્રકારની ધિરાણના મૂલ્યાંકન અને અધિકૃતતા માટે જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે લોકોને માર્ગદર્શન પુરું પાડીને કામ કરવા માટે પ્રેરી શકો છો
- તમે પ્રત્યાયન કૌશલ્ય ધરાવો છે
- તમે લેખન કૌશલ્ય ધરાવો છો.

એમ.બી.એ. માટેની સરેરાશ કોર્સ ફી આશરે
**રૂ. ૨૦,૦૦૦ થી ૪૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સ, અર્થશાસ્ત્ર અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો

**અથવા**

સ્નાતકની પદવી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી મેળવો.

૩. લોન ઓફિસરની જગ્યા માટે બેંકની વેબસાઈટ પર અરજી કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

લોન અધિકારીનો માસિક પગાર દર મહિને
**રૂ. ૧૬,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલો
અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Senior_Credit_Officer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો અને નાણાકીય સંસ્થાઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. સ્થાનિક મુસાફરી એ તમારી નોકરીની ભૂમિકાનો એક ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ક્રેડિટ પ્રોસેસિંગ ઓફિસર → લોન પ્રોસેસિંગ ઓફિસર → બ્રાન્ચ ક્રેડિટ મેનેજર → લોન એપ્રૂવલ ઓફિસર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

રિલેશનશિપ મેનેજર, ક્લાયંટ રિલેશનશિપ મેનેજર, કસ્ટમર રિલેશનશિપ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સ/બેંકિંગ/બિઝનેસ એનાલિસિસ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કલકત્તા
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોર
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, લખનૌ
૬. એમ.એસ.યુ., વડોદરા
૭. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી યુનિવર્સિટી
૮. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એમ.ડી.આઈ.), ગુડગાંવ
૩. એસ.પી.જે.આઈ.એમ.આર., મુંબઈ
૪. ટી. એ. પાઇ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, મણિપાલ
૫. ગ્રેટ લેક્સ ચેન્નાઈ - ગ્રેટ લેક્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૬. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૭. ગોવા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૮. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી, ગાઝિયાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=accountancy
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

ભારતીય સ્ટેટ બેંકના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ **નટરાજન સુંદર** 30 મે, ૨૦૨૨ના રોજ ધ નેશનલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (એન.એ.આર. સી.એલ.)માં મેનેજિંગ ડિરેક્ટર અને સી.ઈ.ઓ. તરીકે જોડાયા હતા. સુંદરે ૩૭ વર્ષ સુધી એસ.બી.આઈ.માં સેવાઓ આપી અને તેઓ 30, એપ્રિલ ૨૦૨૨ના રોજ બેંકના ડેપ્યુટી એમ.ડી. અને ચીફ ક્રેડિટ ઓફિસર તરીકે નિવૃત્ત થયા. તેમણે ૧૯૮૫માં પ્રોબેશનરી ઓફિસર તરીકે બેંકમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને અમદાવાદ વર્તુળમાં જોડાયા. તેમણે રસાયણશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલી છે.*

સ્રોત: https://www.narcl.co.in/about-us/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.